# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૯ ખડકમાંથી પાણી (ગણના અધ્યાય ૨૦-૨૧)

શું તમે કદી તમારી પત્ની કે મિત્ર પાસે કોઈ ફરીયાદ કરી છે ? તમારી સંસ્કૃતિમાં શ આવા ગુણધર્મને સ્વીકારવામાં આવ્યો છે ? ફરીયાદ કરવાથી કોઈ પણ વસ્તુ સારી થઈ શકે છે શું ? આજનાં અભ્યાસમાં આપણે ફરીયાદનાં ભય અને દેવ પ્રત્યે તે કેટલું બધુ ગંભીર બની શકે છે તે વિશે જોઈશું.

૪૦ વર્ષ અરણ્યમાં ભટકયા પછી ઈસ્રાએલીઓ કાદેશ પાસે સીનનાં અરણ્યમાં આવ્યા કે જયાં પાણી ન હતુ. મરીયમ ત્યાં મરણ પામી અને તેને દાટવામાં આવી. ફરી એક વખત મુસાનો વિરુધ્ધમાં લોકો ઉભા થયા અને ઝઘડો કરી કહેવા લાગ્યા, "અમારા ભાઈઓ તથા બાપ દાદાની સાથે અમે મરી ગયા હોત તો કેવુ સારું. અમે તથા અમારા ઢોરઢાંખરને અહિ અરણ્યમાં મારી નાંખવા સારુ તું અમને કેમ લાવ્યો છે ? મિસરમાંથી કાઢી લાવીને આ ભયંકર જગ્યા પર શું કામ અમને લાવ્યા ? અહિ તો દાણાની કે અંજીરોની કે દ્રાક્ષાની કે દાડમોની જગ્યા નથી. તેમજ પિવા માટે પાણી નથી. " વિદ્રોહી બાળકોની જેમ તેમના મા-બાપ સાથે મરી જવાની તેમની ઈચ્છા હતી. મુસા અને હારૂન મુલાકાત મંડપ પાસે આવ્યા અને દેવ સમક્ષ નમ્યા. દેવનો મહિમા પ્રગટ થયો અને દેવે કહયું, "તું તથા તારો ભાઈ હારૂન લોકોને એકઠા કરો. તઓની નજર સમક્ષ ખડકને પાણી આપવા સારુ શબ્દ કહો. અને લોકોને સારુ ખડકમાંથી પાણી વહી નિકળશે કે જેથી તેઓ તથા તેની સાથે તેઓનાં ઢોરઢાંક પીએ." આથી મુસાએ દેવની હજુરમાં લાકડી લઈને ખડક સામે ઈસ્રાએલી લોકોને ઉભા કર્યા. તેણે કહયું, "હે દંગાખો રો સાંભળો, શું અમે તમારે સારુ આ ખડકમાંથી પાણી કાઢીએ ?" મુસાએ આમ કહીને પોતાનાં હાથમાની લાકડી ઉગામી અને ખડક પર બે વખત મારી. ૪૦ વર્ષનો ગુસ્સો અને નાસીપાસપણું તેનાં શબ્દોમાં દેખાઈ આવતુ હતું. પાણી ફુટી નિકળ્યુ અને લોકોને તથા તેમનાં ઢોરોને માટે પુરતા પ્રમાણમાં હતુ.

પરંતુ આથી મુસા તથા હારૂનની વિરૂધ્ધ ઈશ્વર નારાજ થયા. અને યહોવાએ મુસાને તથા હારૂનને કહયું, "ઈસ્રાએલી લોકોની દ્રષ્ટીમાં મને તમે પવિત્ર મનાવ્યો નહિ તેમજ મારા પર વિશ્વાસ રાખ્યો નહિ માટે જે દેશ મેં આ લોકોને આપ્યો છે તેમાં તમે જવા પામશો નહિ. આથી આ પાણીને 'મરીબાહ' એટલે તકરારનાં પાણી તરીકે ઓળખવામાં આવે છે, કેમકે ઈસ્રાએલ પુત્રોએ દેવ યહોવા સાથે તકરાર કરી. અહિ તો મુસાને પણ જાણે અવિશ્વાસ હતો કે, શબ્દ માત્ર પર્યાપ્ત નથી. ઈશ્વરની પવિત્ર હાજરીમાં તેણે પોતાનાં શબ્દો અને કાર્યોથી અવિચારી ભૂલ કરી. (ગીતશાસ્ત્ર ૧૦૬:૩૩).

ઈસ્રાએલી લોકો આગળ વધતા અદોમની સીમમાં આવ્યા અને મુસાએ ત્યાંના રાજાને સંદેશો મોકલીને કહેવડાવ્યું કે, તારા દેશમાં થઈને અમને જવા દે. હવે અદોમનાં લોકો તો એસાવનાં વંશજો અને યાકુબનાં ભાઈઓ હતા. જે યાકુબનું નામ બદલાઈને ઈસ્રાએલ થયું હતું. મુસાએ રાજાને ખાત્રી આપી કે, "અમને તારા રાજયમાંથી જવા દે ત્યારે ઈસ્રાએલીઓ મરડાઈને ખેતરોમા કે દ્રાક્ષાવાડીઓમાં નહિ જાય કે તારા કુવાઓનું પાણી નહિ પીએ. પરંતુ માત્ર રાજમાર્ગે જ ચાલશે. પરંતુ સ્વમાની રાજાએ તેમનાં આ નિકટનાં સગા થતા લોકોને પોતાનાં રાજયમાંથી જવા દીધા નહિ. એટલું જ નહિ પરંતુ તેણે પોતાની સિમાઓ ઉપર મોટુ તથા શકિતશાળી સૈન્ય મોકલ્યુ, જેથી ઈસ્રાએલીઓ તેનાં રાષ્ટ્રની હદ ઓળંગે નહિ. આથી મુસા અને ઈસ્રાએલીઓ પાછા ફર્યા. થોડા જ સમયમાં જયારે ઈસ્રાએલીઓ હોર પર્વત પાસે આવ્યા ત્યારે દેવે મુસાને કહયું, "હારૂન હવે મરી જશે કેમકે તમે બંનેએ મારી આજ્ઞાઓને ઉથાપી છે. આથી હારૂન અને તેનાં દિકરા એલઆઝારને હોર પર્વત ઉપર લાવ. અને પ્રમુખ યાજકનાં હારૂન પર રહેલા વસ્ત્રો ઉતારીને તેનાં દિકરાને પહેરાવ. આથી મુસાએ ઈસ્રાએલી લોકોનાં દેખતાં જેમ દેવે જણાવ્યું હતુ તેમ કર્યુ અને થોડા સમયમાં હારૂન મરણ પામ્યો. હારૂન પછી તેનાં સ્થાને કોણ આવશે તે પ્રશ્ન ન હોતો કેમકે દેવે એલઆઝારને પ્રમુખ યાજક તરીકે નિમ્યો હતો. ઈસ્રાએલીઓએ તેને સારુ ૩૦ દિવસ માટે શોક પાળ્યો. હવે સમગ્ર લોકોમાં મુસા માત્ર વૃધ્ધ હતો. આખી જૂની પેઢી સંપુર્ણ નાશ પામલી હતી.

જયારે અદોમની બાજુએથી ઈસ્રાએલીઓ પસાર થતા હતા ત્યારે તેઓ ધિરજ રાખી શકયા નહિ અને ફરી ફરીયાદ કરવા લાગ્યા. તેઓએ મુસાની તથા દેવની વિરૂધ્ધમાં બોલતા કહયું, "મિસરમાંથી છોડાવીને આ અરણ્યમાં તું શા માટે અમને મરવા લઈ આવ્યો છે ? અહિ તો પાણી નથી કે રોટલી નથી અને આ એકના એક ખોરાકથી અમે કંટાળ્યા છીએ." પહેલા આકાશમાંથી પડેલી રોટલી માટે મા બાપોએ ફરીયાદ કરી જે તેમનાં બાળકોએ દોહરાવી. આથી દેવે છાવણીમાં અત્યંત ઝેરી સર્પો મોકલ્યા. તેઓ લોકોને કરડયા અને ઘણા ઈસ્રાએલીઓ માર્યા ગયા. લોકો મુસા પાસે ફરી દોડયા અને પોકાર્યુ કે "અમે દેવની તથા તારી વિરુધ્ધ પાપ કર્યુ છે. દેવને પ્રાર્થના કર કે, આ સર્પો અમારી મધ્યેથી દુર થાય." આથી મુસાએ લોકો માટે પ્રાર્થના કરી. અને દેવ યહોવાએ મુસાને આજ્ઞા આપી કે, "તું એક સર્પ બનાવ અને તે એક થાંભલા પર મુક. અને જે કોઈ ને સાંપ કરડશે, તે જો થાંભલા પર મુકેલા સર્પને જોશે તો તે બચી જશે."

આથી મુસાએ પિત્તળનો સર્પ બનાવીને તેને થાંભલા પર મુકયો. અને જે કોઈને સાંપ કરડતો તે તે થાંભલાનાં સાંપને જોતો એટલે જીવતો રહેતો. આ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત એટલે મસીહા વધસ્તંભ પર મરશે અને જે લોકો તેનાં પર વિશ્વાસ કરશે તેને અનંત જીવન મળશે (યોહાન ૩:૧૪-૧૫)તેની પ્રતિછાયારૂપ હતું.

જયારે ઈસ્રાએલી લોકો મુસાફરીમાં આગળ વધતાં અમોરીઓની સરહદ આગળ આવ્યા ત્યારે પણ તેઓએ રાજાને સંદેશો મોકલાવીને કહેવડાવ્યું કે અમને તારા દેશમાંથી જવા દે. તેઓએ રાજા સિહોનને ખાતરી આપી કે, "અમે તમારુ કંઈ પણ લઈશું નહિ કે પાણી પણ પીશું નહિ" પરંતુ અમોરીઓનાં રાજાએ ઈસ્રાએલને પસાર થવા માટે મના કરી. એટલું જ નહિ પરંતુરાજા અને તેનાં સૈન્યએ ઈસ્રાએલ ઉપર હુમલો કયો. આથી ઈસ્રાએલીઓએ પણ દેવની સહાયથી વળતો હુમલો કરીને તેઓને હરાવ્યા અને તેઓનાં દરેક શહેરો પર કબ્જો લઈ લીધો. અમોરીઓની ઉત્તરે આવેલી સરહદથી માંડીને આમ્મોનીઓની સરહદ સુધી તેઓએ દેશ કબ્જે કર્યો.

આ વાતનું મહત્વ એ દર્શાવે છે કે, ફરિયાદ કરવાનાં પાપનું પણ પરિણામ મળે છે. તેમાં પણ ખાસ કરીને દેવનાં પસંદ કરેલા અધિકારીની વિરૂધ્ધમાં જયારે કચકચ કરવામાં આવે ત્યારે પરિણામ ભોગવવું પડે છે. આવુ કરવાથી જે પરિસ્થિતિમાં હો તે પરિસ્થિતિ કરતા તમારી હાલત ગંભીર બની જાય છે. આનો ઉકેલ તો એ છે કે દેવ પર વિશ્વાસ કરી તેનાં બાળકોને પણ આશીર્વાદ આપવો અને તેઓની વૃધ્ધિ માટે પ્રાર્થના કરવી.

અહિ એક સચ્ચાઈ એ છે કે, દેવે જે અધિકારીઓને (પાળકોને) નિમ્યા છે તેઓ ની વિરુધ્ધ અથવા જે પરિસ્થિતિમાં તમે છો તેમાં દેવની વિરુધ્ધ બોલવાથી દેવ નારાજ થાય છે. આ તો એક પાપ છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ વચનનાં પ્રદેશમાં જતા દેવે શા માટે મુસાને તક ન આપી ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "કેમકે લોકો સમક્ષ ઈશ્વરને પવિત્ર મનાવવા અને ઈશ્વર પર વિશ્વાસ રાખવાની બાબતમાં મુસા નિષ્ફળ ગયો "- તો તમે સાચા છો.

પ્ર.૨ જયારે લોકોએ ફરીયાદ કરી ત્યારે શ્ બન્યું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "દેવે ઝેરી સર્પોને છાંવણીમાં મોકલ્યાતેઓ માણસોને કરડયા અને ઘણા મર્યા." - તો તમે સાચા છો.

પ્ર.૩ પોતાની મધ્યે આવેલી આફતથી બચવા માટે લોકોએ શું કરવાનું હતુ ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "જો તેઓ પિત્તળનાં સર્પને જુએ તો તેઓ સાજા થઈ જાય"- તો તમે સાચા છો.

જયારે આપણે ફરીયાદ કરીએ છીએ ત્યારે આપણી ઉપર તેની કેવી અસર થાય છે અથવા જેની વિરૂધ્ધ ફરીયાદ કરાએ છીએ તેની ઉપર તેની શું અસર જોવા મળે છે. વિચારો કે, આજનાં દિવસોમાં જેઓ દેવની સામે ફરીયાદ કરે છે તેને દેવ કેવી શિક્ષા કરશે ?

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યક્તિને આ બાબત કહી શકવા માટે બીજા વ્યક્તિની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.